**<u>ફોજદારી કેસ નં.: ૧૮૪૯/૨૦૨૫</u>**

## આંક–૧ લગત હુકમ

(૧) આજરોજ આરોપીઓ હાજર થઈ ગુનાની કબુલાત અંગે પરસીસ આપતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે જુગાર ધારાની કલમ–૧૨/૧૨(અ)મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીનાઓએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીઓએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીઓએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીઓની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતા, તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષ માં રાખતા તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દં ડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીઓના સંજોગોને ધ્યાને લેતા, આરોપીઓને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપીઓ ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળ વાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**<u>–: હુ ક મ :–</u>**

૧.આ કામના આરોપી નં–**(૧) કૃણાલ અશોકભાઈ ગોડીયા (૨) હેમંત અશોકભાઈ રાવળ (૩) સંજય રમેશભાઈ વાઘેલા (૪) આકાશ અમરતભાઈ વાઘેલા (૫) કનુભાઈ જયવંતભાઈ વસાવા** નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુના

માટે તકસીરવાર ઠરાવી, આરોપીઓને કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ આરોપીને રૂપીયા ૨૦૦/- (અંકે રૂપીયા બસ્સો પૂરા) લેખે કુલ રૂ ૨૦૦ ×૫ ૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા) તથા દંડ ના ભરે તો દિન-૩ (ત્રણ) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

**૨**. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્ધામાલ નાણાં નિયમાનુસાર સરકાર ખાલસા કરાવવા, જયારે મુદ્દામાલ મોબાઈલ ફોન/વાહન અંગે વચગાળાના તબ્બકે કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે વિકલ્પે સદર મુદામાલ ઈન્કવાયરી કરી તેના માલિકને પરત સોંપવો તેમજ વેલ્યુબલ મુદામાલ ના હોય તેવા મુદ્ધામાલનો અપીલ સમય વીત્યેથી ધોરણસર નાશ કરવાનો આદેશ કરવામાં આવે છે.

**–** ચેરમેનશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ વ. મુખ્ય જિલ્લા ન્યાયધિશ સાહેબશ્રીની કચેરીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગ નું આયોજન કરવામાં આવેલ છે આથી આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ આ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાં ચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :- ૦૮/૦૩/૨૦૨૫<br>
સ્થળ :-વડોદરા.

(યુ.એમ.આહીર)<br>
૧૮માં એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,<br>
વડોદરા.